# કઠોળ પાકો

પ્રશ્ન : ૧ ચોમાસામાં ગુવારનું વાવેતર કરવું છે તો કઈ જાત પસંદ કરવી?





જવાબ આ માટે ગુવારની સુધારેલી જાત ગુજરાત ગુવાર–૨ વાવેતર માટે પસંદ કરવી. આ જાત બેકટેરીયલ બ્લાઈટ રોગ સામે પ્રતીકારક શકિત ધરાવે છે. તેમજ સ્થાનિક જાતો કરતા ૧૫ દિવસ વહેલી એટલે કે ૯૦ થી ૧૦૦ દિવસે પાકે છે. તેના દાણા મધ્યમ કદના ગુલાબી રંગના હોય છે. તેમા ગુંદરનું પ્રમાણ ૩૦.૮૨%હોય છે.

પ્રશ્ન : ૨ ચણાની નવી વિકસાવેલ જાત કઈ છે? અને તેની ખાસીયત શું છે?



જવાબ ચણાની નવી વિકસાવેલી જાત ગુજરાત જૂનાગઢ ચણા–૩ બિનપિયત વિસ્તાર માટે ભલામણ કરવામાં આવે છે. આ જાત ગુજરાત ચણા–૧ કરતા ૧૦% તથા ગુજરાત ચણા–૨ કરતા ૧૩% વધુ ઉત્પાદન આપે છે. આ જાત હેકટરે ૧૫૦૦ થી ૧૬૦૦ કિ. ગ્રા. ઉત્પાદન આપે છે. આ જાતનાં દાણા મોટા કદના આકર્ષક પીળા રંગના હોય છે. જેથી ઉપભોકતા તેને વધુ પસંદ કરે છે અને બજાર ભાવ પણ વધુ મળે છે. આ જાતની ખાસ વિશેષતા એ છે કે તે પિયત આપીને પણ વાવેતર કરી શકાય છે જેમા ખેડુત ભાઈઓએ હેકટરે ૨૦૦૦ થી ૨૫૦૦ કિ.ગ્રા. ઉત્પાદન મેળવેલ છે. આ જાત ૯૮ થી ૧૦૦ દિવસે પાકે છે અને સુકારા અને સ્ટન્ટ વાયરસ સામે પ્રતિકારક શકિત ધરાવે છે.

પ્રશ્ન : ૩ તુવેરનું વાવેતર કરવું છે તો કઈ જાત પસંદ કરવી ?

જવાબ તુવેરમાં વહેલી પાકતી ગુજરાત તુવેર ૧૦૦ અને ગુજરાત તુવેર ૧૦૧ તથા મધ્યમ મોડી પાકતી બી.ડી.એન. ૨ જાતોનું વાવેતર કરવાની ભલામણ કરવામાં આવે છે. તાજેતરમાં એ.જી.ટી. ૨ નામની આણંદ કૃષિ યુનિવર્સિટી દવારા નવી વિકસાવેલ મોટા કદના સફેદ દાણા વાળી જાતનું વાવેતર કરવાથી વધુ ઉત્પાદન મેળવી શકાય છે.

પ્રશ્ન :૪ કઠોળમાં આવતા સુકારા રોગને નિયંત્રણમાં કઈ રીતે લેવો ?

જવાબ આ રોગોને કાબુમાં લેવા માટે સૌપ્રથમ તો ખેડૂતભાઈઓએ, પ્રથમથી જ કાળજી લેવી જોઈએ જેમ કે,

૧. ઉપરના બન્ને રોગના નિયંત્રણ માટે બીજને કાર્બેન્ડાઝીમ ૧ ગ્રામ અને થાયરમ ૨ ગ્રામ એક કિલો બીજ પ્રમણે માવજત આપીને વાવેતર કરવું

૨. બીજ માવજત તરીકે કાર્બેન્ડાઝીમ ૧ ગ્રામ + થાયરમ ૨ ગ્રામ પ્રતિ કિ.ગ્રા. અને ટ્રાયકોડર્મા વીરીડી ૨.૫ કિ.ગ્રા. ને ૨૫૦ કિ.ગ્રા. એરંડીનો ખોળ અથવા છાણીયા ખાતરમાં ભેળવી વાવણી વખતે ચાસમાં આપવી

૩. જમીનજન્ય રોગોમાં રોગ આવી ગયા પછી રાસાયણીક નિયંત્રણ આર્થિક રીતે પોષય નહી જેથી રોગ નિયંત્રણ માટે જે તે પાકની રોગ સામે પ્રતિકાર ધરાવતી જાતોનુંજ વાવેતર કરવું, પાક ફેરબદલી કરવી. સેન્દ્રીય ખાતરનો ઉપયોગ કરવો અને રાસાયણિક ખાતર ભલામણ મુજબ જ જમીન ચકાસણી કર્યા બાદ આપવું.

૪. દીવેલનો ખોળ ૧૦૦૦ કિ./હે. વાવેતર પહેલા જમીનમાં નાખવો.

૫. જૈવિક નિયંત્રણ માટે ટ્રાઈકોડર્મા નામની ફૂગ ઉભા પાકમાં છોડના થડની બાજુમાં જમીનમાં ભેજ હોય ત્યારે ૨ થી ૨.૫ કિ./ હે. ૩૦૦ કિલો સેન્દ્રિય ખાતર કે દિવેલનાં ખોળમાં મિશ્ર કરી આપવાથી રોગની માત્રા ઘટાડી શકાય છે.

પ્રશ્ન : ૫ કઠોળમાં આવતા ભૂકીછારા રોગની ઓળખ કઈ રીતે કરવી અને તેનું નિયંત્રણ જણાવશો ?

જવાબ સૌપ્રથમ ભૂકીછારાનાં રોગની ઓળખ વિષે જોઈએ તો આ રોગમાં પાન ઉપર સફેદ પાવડર જેવા ધાબા પડે છે. ત્યારબાદ તે પાંદડાની દાંડલી, શીંગ અને થડ ઉપર ફેલાય છે. વધુ ઉપદ્રવ થતાં પાન સૂકાઈને ખરી પડે છે. આ રોગ પાકની ફૂલ બેસવાની અવસ્થાએ શરૂ થાય છે. તેનાં નિયંત્રણ માટે રોગની શરૂઆત થાય કે તુરત જ દ્રાવ્ય ગંધક ૨૦ ગ્રામ અથવા

કાર્બેન્ડાઝિમ ૧૦ ગ્રામ અથવા હેકઝાકોનાઝોલ ૧૦ મી.લી. દવા ૧૦ લીટર પાણીમાં મેળવીને છંટકાવ કરવો. જયારે બીજો છંટકાવ જરૂરીયાત જણાયતો ૧૫ દિવસ બાદ કરવો.

પ્રશ્નઃ ૬ લીલી ઈયળ અને શીંગોને નુકશાન કરતી જીવાતના અસરકારક અને કાર્યક્ષમ નિયંત્રણ કેમ કરવુ?





જવાબ **૧. ખેતી પધ્ધતિ દ્વારા નિયંત્રણ :**

લીલી ઈયળ કોશેટા જમીનમાંબનાવે છે, આથી પાકની કાપણી બાદ તુરત જ ખેતરમાંઉંડી ખેડ કરવાથી જમીનમાંરહેલા કોશેટા બહાર આવશે. જે સૂર્યતાપથી નાશ પામે છે અથવા પક્ષીઓ ખાય જાય છે. આમ, કરવાથી નવી ઋતુમાં જીવાતનું પ્રમાણ સારી માત્રામાં ઘટાડી શકાય છે.

**૨. પ્રકાશ પીંજર અને ફેરોમોન ટ્રેપ દ્વારા નિયંત્રણ :**

પ્રકાશ પીંજર દ્વારા લીલી ઈયળનાં ફુદાઓ આકર્ષી તેનો નાશ કરવાથી લીલી ઈયળની વસ્તી ઉપર નિયંત્રણ મુકી શકાય છે. ફેરોમોન ટ્રેપમાં નર ફુદા આકર્ષાય છે આથી વિધે એક પ્રમાણે ફેરોમોન ટ્રેપ મુકવા અને ફુદાનો નાશ કરવો. આ ઉપરાંત પ્રકાશપીંજરથી જીવાત આકર્ષાય છે, માટે પ્રકાશ પીંજરનો ઉપયોગ કરી ફુદાઓનો નાશ કરવાથી જીવાતનુ સારૂ નિયંત્રણ થઈ શકે છે.

**૩. પક્ષીઓને બેસવાના આધાર મુકવા**

તુવેરનાં પાકમાં બગલા, કાબર, કાળીયો કોષી જેવા પક્ષીઓ લીલી ઈયળને ખાય છે. તેથી વધારે પક્ષીઓ આવે તે માટે તેને બેસવા અંગ્રેજી ટી (T) આકારના આધારો હેકટરે ૫૦ જેટલા મુકાવા, આથી પક્ષીઓ દ્વારા લીલી તેમજ અન્ય ઈયળોનું સારૂ એવુ નિયંત્રણ મળે છે.

**૪. જૈવિક નિયંત્રણ :**

જૈવિક નિયંત્રણમાં લીલી ઈયળને વિષાણુ (એન.પી.વી.) થી રોગ લગાડીને તેનું નિયંત્રણ કરી શકાય છે. આ માટે હેકટરે ૨૫૦ રોગિષ્ટ ઈયળનું દ્રાવણ ૫૦૦ લીટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવો.

આ ઉપરાંત બેસીલસ થુરીન્જીન્સીસ (બી.ટી.) નામનાં જીવાણું થી થતાં રોગનાં લીધે લીલી ઈયળનું નિયંત્રણ થાય છે. આ જીવાણું યુકત દવા

(બી.ટી.) બજારમાં મળે છે તેનો હેકટરે ૧.૦ થી ૧.૫ કિ.ગ્રા. પ્રમાણે ૫૦૦ લીટર પાણીમાં મેળવીને છંટકાવ કરવાથી સારૂં પરિણામ મળે છે.

**૫. રાસાયણિક નિયંત્રણ :**

લીલી ઈયળનાં રાસાયણિક નિયંત્રણ માટે કઠોળ પાકમાં ૫૦ ટકા ફુલ બેસવાની અવસ્થાએ અને ત્યારબાદ ૧૫ દિવસે જરૂરત મુજબ જંતુનાશક દવાઓ જેવી કે :–

મોનોક્રોટોફોસ ૧૨ મી.લી. અથવા ડાયકલોરવોશ ૫ મી.લી. અથવા કવીનાલફોસ ૨૦ મી.લી. અથવા એસીફેટ ૨૦ ગ્રામ અથવા પ્રોફેનોફોસ ૨૦ મી.લી. અથવા પોલીટ્રીન સી ૧૨ મી.લી. અથવા ડેસીડાન ૧૮ મી.લી. અથવા ઈન્ડોક્ષાકાર્બ ૪ મી.લી. અથવા ફેન્વાલરેટ ૧૦ મી.લી. કે સાયપરમેથ્રીન ૫ મી.લી. દવા ૧૦ લીટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવો.

લીલી ઈયળના નિયંત્રણ માટેના પગલા/ દવાઓથી અન્ય પાન અને શીંગ કોરી ખાનાર જીવાતોનું પણ નિયંત્રણ થાય છે તેથી તેને માટે અલગથી નિયંત્રણ કરવાની જરૂરત પડતી નથી.